દિવ્યાંગ સાધન સહાય યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- SJED/MSM/e-file/17/2022/1723/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) ભુતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૧૦/૦૪/૧૯૭૦નો ઠરાવ નં.ઈડીબી/૧૦૬૯/૨૧૫૬૦/છ

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૦/૦૭/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૦/ન.૯/છ

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૬/૮૬૦૬૧૫/ન.બા.૩/છ.૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૬/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૫૨૦૮૩૩/છ.૧

(૫) નિયામકશ્રી સમાજ સુરક્ષાનો તા.૧૬/૧૦/૨૦૨૧ નો પત્ર ક્રમાંક :- અપગ/દિવ્યાંગ સાધન સહાય/૨૧-૨૨/૩૮૫.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૪/૧૯૭૦ના ઠરાવથી રાજ્યમાં દિવ્યાંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુન: સ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૮/૦૪/૨૦૧૬ના ઠરાવથી આ યોજનામાં સાધન સહાય વધારીને રૂ.૧૦૦૦૦/-ની મર્યાદામાં કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૨૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી આ યોજનામાં સાધન સહાય વધારીને રૂ.૨૦૦૦૦/-ની મર્યાદામાં કરવામાં આવેલ છે. આ દિવ્યાંગ સાધન સહાય યોજનામાં સુધારો કરવા બાબતે નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૫) પરના તા.૧૬/૧૦/૨૦૨૧ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૭) પરના તા.૧૬/૧૦/૨૦૨૧ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને દિવ્યાંગ સાધન સહાય યોજનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો-**

વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક :- અપગ/૧૦૨૦૧૧/૪૩/છ-૧ મુજબ Person with Disability Act-1995 માં ૬ પ્રકારની દિવ્યાંગતાને ધ્યાને લઇ દિવ્યાંગતામાં રાહત થાય તેવા નીચે મુજબના કોષ્ટક-A માં દર્શાવ્યા મુજબના સાધનો આપવામાં આવે છે.

કોષ્ટક-A

| ક્રમ | સાધનનું નામ |
|---|---|
| ૧ | ટ્રાઈસીકલ |
| ૨ | ફોલડીંગ વ્હીચેર |
| ૩ | હીયરીંગ એઇડ (અ) પોકેટ રેન્જ (બ) કાન પાછળ લગાવવાનું |
| ૪ | ફોલ્ડીંગ સ્ટીક |
| ૫ | એલ્યુમીનીયમની કાંખઘોડી |
| ૬ | કેલીપર્સ (અ) ઘુંટણ માટેના (બ) પોલીયો કેલીપર્સ |
| ૭ | બ્રેઇલ કીટ |
| ૮ | એમ.આર. કીટ (મંદબુધ્ધિના બાળકો માટે) |
| ૯ | સંગીતના સાધનો |

Right of Person with Disability Act-2016 માં દર્શાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતા મુજબ દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો આપવા ALIMCO(ARTIFICIAL LIMBS MANUFACTURING CORPORATION OF INDIA) ના અધિકારી દ્વારા રેડી ટુ યુઝ અને ફેબ્રીકેટેડ આઇટમની માહિતિ પુરી પાડેલ જે અન્વયે નિયામકશ્રી સમાજ સુરક્ષાના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૧૬/૧૦/૨૦૨૧ના પત્રથી નીચે મુજબના કોષ્ટક-B માં દર્શાવ્યા મુજબના સાધનો પૂરા પાડવા દરખાસ્ત કરેલ. પુખ્ત વિચારણાને અંતે ઉપર્યુક્ત કોષ્ટક-A ના સ્થાને કોષ્ટક-B મુજબના રેડી ટુ યુઝ અને ફેબ્રીકેટેડ આઇટમ સાધનો પૂરા પાડવા અંગે ઠરાવવામાં આવે છે.

કોષ્ટક-B

| No | Name of disability | Name of equipment ( ready to use) | Fabricated item |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 1 | blindness | Smart cane, Smart phone, Visual Imapared Kit, Braille kit | - |
| 2 | Muscular dystrophy | Wheel chair, Joystick Wheelchair | Callipers |
| 3 | Hearing impairment | Hearing aids (BTE) Both Ear | |
| 4 | Low vision | - | Spectacles |
| 5 | Intellectual disability | TLM kit (AGE Wise) | |
| 6 | Leprosy cured person | ADL KIT, Cell Phone | |
| 7 | Locomotor disability | Wheel chair, Tricycle, Walking sticks, Axilla Crutch, Elbow crutch, Motorized Tricycle, Joystick Wheelchair | Callipers, artificial limbs |
| 8 | Cerebral palsy | C.P chair, Small wheel chair, Rollators | Callipers |
| 9 | Mental illness | TLM kit (AGE Wise) | |
| 10 | Multiple Disability | Wheel chair, tricycle, Walking stick, Axilla crutch, Elbow crutch, TLM kit (AGE Wise) Motorized Tricycle, Joystick Wheelchair etc. | Callipers, Artificial limbs |

એકથી વધુ દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનની જરૂર હશે તો સરકારે નક્કી કરેલ રકમની મર્યાદામાં રહી તેમને એ લાભ આપી શકાશે. (દા.ત. શારીરીક ખોડખાપણ દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીને ટ્રાયસીકલ/વ્હીલચેરની સાથે કાખઘોડીની જરૂર પડી શકે)

જે સાધનોની કિંમત સરકારે નક્કી કરેલ કિંમત મર્યાદા બહાર જાય તેવા સાધનોમાં વધારાની રકમ લાભાર્થીઓએ જાતે ભરવાની શરતે મંજુર કરવાની રહેશે. આ બાબતે ખરીદી સીધા જ રાજ્ય કક્ષાએથી એલીમ્કોમાંથી ખરીદી કરવાની રહેશે.

વંચાણે લીધેલા ક્રમાંક (૪) પરના વિભાગના તા.૨૬/૧૨/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ઉક્ત સુધારેલ ઠરાવ સરખા ક્રમાંકની ઇ-ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by:P M Gameti
Section Officer
Date:2025.02.10
11:10:57 +5:30